# નવસારીમાં મેઘમહેર: ગણદેવીમાં ૩ ઈંચથી જળબંબાકાર

**ડાંગરના** પાકને જીવતદાન મળતા ખેડૂતોમાં રાહત, પરંતુ વધુ પાણી ભરાવાથી શાકભાજી અને ફળોના પાકને નુકસાનની ભીતિ

નવસારી : નવસારી જિલ્લામાં સતત બીજા દિવસે મેઘરાજાએ મહેર વરસાવતાં અનેક વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગણદેવી તાલુકામાં આશરે ૩ ઈંચ વરસાદ નોંધાયો હતો, જ્યારે નવસારી શહેર, જલાલપોર, ચીખલી, વાંસદા અને ખેરગામ સહિતના વિસ્તારોમાં પણ નોંધપાત્ર વરસાદ પડ્યો હતો. ગણદેવીમાં ભારે વરસાદના પગલે નીચાણવાળા વિસ્તારો અને કેટલાક માર્ગો પર પાણી ભરાતાં વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલી પડી હતી.

સતત વરસાદના કારણે છેલ્લા કેટલાક દિવસથી અનુભવાતો ઉકળાટ અને બફારો ઘટતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં નદી-નાળાઓમાં નવા નીરની આવક શરૂ થતાં જળસ્તરમાં વધારો જોવા મળી રહ્યો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણીના નિકાલ સહિતની સ્થિતિ પર સ્થાનિક તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે.

વરસાદથી ખેતી ક્ષેત્રે જોકે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ડાંગરના પાક માટે હાલનો વરસાદ લાભદાયી બન્યો હોવાથી ખેડૂતોમાં રાહત છે. બીજી તરફ ગણદેવી અને ચીખલી પંથકમાં શેરડી, શાકભાજી અને ફળોના પાકમાં વધુ પડતું પાણી ભરાવાની સંભાવનાને લઈને ખેડૂતોમાં ચિંતા છે. ખેતરોમાં પાણી લાંબો સમય ભરાઈ રહે તો પાકના મૂળને નુકસાન થવાની શક્યતા હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.

હાલ તો ખેડૂતો હવે વરસાદના આગામી રાઉન્ડ પર નજર રાખી રહ્યા છે.



## ચીખલીમાં ૧.૨૪ ઇંચ વરસાદ, કાવેરીની સપાટીમાં ઘટાડો થતાં રાહત

ઘેજ : હવામાન વિભાગની આગાહીને પગલે ચીખલી તાલુકામાં કાળા ડિબાંગ વાદળો વચ્ચે બીજા દિવસે પણ વરસાદના ઝાપટા ચાલુ રહેતા ધરતીપુત્રોમાં આનંદની લાગણી ફેલાઈ હતી. તાલુકા અને ઉપરવાસમાં પડેલા વરસાદને પગલે તાલુકામાંથી પસાર થતી કાવેરી નદીમાં રવિવારના રોજ પૂર જેવી સ્થિતિનું નિર્માણ થવા સાથે ૧૬-ફૂટની સપાટીએ વહેવા લાગી હતી. જોકે ઉપરવાસમાં વરસાદનું જોર ઘટતા રાત્રીના સમયે જ પાણીનું સ્તર નીચે ઉતરી જવા પામ્યું છે. ચીખલી તાલુકામાં રવિવારની સાંજથી સોમવારની સાંજના ૨૪ કલાક દરમ્યાન ૧.૨૪ ઈંચ વરસાદ નોંધાવા સાથે સિઝનનો કુલ ૧૦૪.૨ ઈંચ નોંધાયો હતો.



## બાલચોંડી નજીક ઝાડ ધરાશાયી

ભારે વરસાદના પગલે શામળાજી વાપી માર્ગ ઉપર નાનાપોંઢા નજીક બાલચોંડી ચાર રસ્તા નજીક વિશાળકાય નીલગીરીનું ઝાડ અચાનક ધરાશાયી થતા વીજ લાઇનના વાયરો ખેંચાતા થાંભલા પણ વળી ગયા હતાં. જોકે સરપંચે વીજ કંપનીને જાણ કરતા વીજ પુરવઠો બંધ કરાયો હતો, બીજી તરફ ટ્રાફિકથી વ્યસ્ત આ માર્ગ ઉપર નીલગીરી પડતા ધરમપુર તરફ અને વાપી તરફ અને સુખાલા વાપી માર્ગ ઉપર વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.

# વલસાડ જિલ્લામાં મેઘરાજાનું પુનરાગમન

**કપરાડા**-ઉમરગામમાં 3-3 ઈંચ, વલસાડ શહેરમાં 1.5 ઈંચ પાણી પડ્યું

**લાંબા** વિરામ બાદ મેઘરાજાની મહેરથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

વલસાડ : લાંબા વિરામ બાદ વલસાડ જિલ્લામાં ફરી વરસાદી માહોલ જામ્યો છે. જિલ્લા કન્ટ્રોલ રૂમના આંકડા મુજબ જિલ્લામાં સરેરાશ 52.57 મીમી. વરસાદ નોંધાયો છે. 24 કલાક દરમિયાન કપરાડામાં સૌથી વધુ 72 મીમી. વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ ઉમરગામમાં 70 મીમી., નાનાપોંઢામાં 60 મીમી., પારડીમાં 57 મીમી., ધરમપુરમાં 40 મીમી., વલસાડમાં 36 મિમી. અને વાપીમાં 33 મીમી. વરસાદ નોંધાયો હતો. વલસાડ તાલુકામાં 13 સપ્ટેમ્બરે બપોરે 4થી સાંજે 6 દરમિયાન 2 મીમી. વરસાદ નોંધાયા બાદ રાત્રે વરસાદનો વિરામ રહ્યો હતો. મધરાત બાદ 12 મીમી. અને 14 સપ્ટેમ્બરે સવારે 6થી બપોરે 4 વાગ્યા સુધી વધુ 22 મીમી. વરસાદ નોંધાયો હતો. આમ 24 કલાકનો કુલ વરસાદ 36 મીમી. થયો હતો.









# ડાંગમાં માર્ગ સલામતી માટે ITSનો નવતર પ્રયોગ









ડાંગ જિલ્લાનાં રાજય ધોરીમાર્ગ વિભાગ દ્વારા પિંપરી-કાલીબેલ રાજય ધોરીમાર્ગ આહવા-નવાપુર રાજય ધોરીમાર્ગ અને આહવા-ચિંચલી રાજય ધોરીમાર્ગ પર માર્ગ-સલામતી સિસ્ટમો કાર્યરત કરી નવતર પ્રયોગ હાથ ધર્યો છે. ડાંગ જિલ્લામાં માર્ગ સલામતીને વધુ સુદૃઢ બનાવવા માટે આધુનિક ટેક્નોલોજી આધારિત **ઇન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ (ITS)**નો નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. ડાંગ (R&B) ડિવિઝન, આહવા હેઠળના પિંપરી-કાલીબેલ રોડ, આહવા-નવાપુર રોડ અને આહવા-ચિંચલી રોડ પર વિવિધ ITS આધારિત માર્ગ-સલામતી ઉકેલો સ્થાપિત કરવામાં આવ્યા છે.આ પહેલનો મુખ્ય હેતુ ડાંગ જિલ્લામાં માર્ગ વપરાશકર્તાઓની સલામતી વધારવા, વાહનચાલકોને જોખમી સ્થળો અંગે અગાઉથી સચેત કરવા અને માર્ગ અકસ્માતોનાં જોખમમાં ઘટાડો કરવાનો છે.ખાસ કરીને ડાંગ જેવા ડુંગરાળ અને વળાંકવાળા ભૂમિપ્રદેશમાં આધુનિક માર્ગ-સલામતી ટેક્નોલોજીનો ઉપયોગ વાહનચાલકો માટે ઉપયોગી સાબિત થઈ શકે છે.ડાંગ જિલ્લામાં સ્થાપિત કરવામાં આવેલી ITS વ્યવસ્થાઓમાં વેરિયેબલ મેસેજ સાઇન (VMS) બોર્ડ, કર્વેચર વોર્નિંગ સિસ્ટમ સહિતની આધુનિક માર્ગ-સલામતી ટેક્નોલોજીનો સમાવેશ થાય છે.આ સિસ્ટમો વાહનચાલકોને જરૂરી સમયે ચેતવણી, માર્ગની સ્થિતિ અંગેની માહિતી અને સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડવા માટે કાર્યરત કરવામાં આવી છે.વધુમાં VMS બોર્ડ દ્વારા રિયલ-ટાઇમ માહિતી વેરિયેબલ મેસેજ સાઇન (VMS) ઇલેક્ટ્રોનિક ડિસ્પ્લે બોર્ડ મારફતે માર્ગ વપરાશકર્તાઓને મહત્વપૂર્ણ અને સમયસર માહિતી પૂરી પાડે છે. તેના માધ્યમથી ટ્રાફિક એલર્ટ, અકસ્માતની માહિતી, માર્ગની સ્થિતિ, જોખમી સ્થળો અંગેની ચેતવણી તથા અન્ય સલામતી સંદેશાઓ પ્રદર્શિત કરી શકાય છે.પરિણામે વાહનચાલકોને આગળના માર્ગની પરિસ્થિતિ અંગે અગાઉથી જાણકારી મળી રહે છે અને તેઓ જરૂરી સાવચેતી સાથે વાહન ચલાવી શકે છે.તીવ્ર વળાંકો પર કર્વેચર વોર્નિંગ સિસ્ટમ ડાંગના ડુંગરાળ વિસ્તારમાં આવેલા તીવ્ર વળાંકો, વળાંકવાળા માર્ગો અને બ્લાઇન્ડ બેન્ડ વાહનચાલકો માટે પડકારરૂપ બની શકે છે.આવા સ્થળોએ કર્વેચર વોર્નિંગ સિસ્ટમ વાહનચાલકોને વળાંક અંગે અગાઉથી ચેતવણી આપે છે,જેથી તેઓ સમયસર વાહનની ઝડપ ઘટાડીને વધુ સાવચેતીપૂર્વક આગળ વધી શકે.ખાસ કરીને માર્ગથી અજાણ વાહનચાલકો માટે આવી આગોતરી ચેતવણી અત્યંત ઉપયોગી બની શકે છે. વળાંકની આસપાસ મર્યાદિત દૃશ્યતા હોવાને કારણે સંભવિત જોખમ ઓળખવા માટે મળતો સમય ઓછો હોય છે. આવી સ્થિતિમાં અગાઉથી મળતી ચેતવણી ડ્રાઇવરની જાગૃતિ વધારવામાં અને અકસ્માતના જોખમને ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.ડાંગ જિલ્લામાં ટેક્નોલોજી સાથે સલામત માર્ગ વ્યવસ્થાપન તરફ પગલુ જે આ પહેલ અંતર્ગત આધુનિક ટેક્નોલોજીને માર્ગ માળખાકીય સુવિધાઓ સાથે સંકલિત કરીને વધુ સુરક્ષિત માર્ગ વાતાવરણ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અદ્યતન ચેતવણી સિસ્ટમ, સ્પષ્ટ દૃશ્ય માર્ગદર્શન, ટ્રાફિક સેન્સિંગ અને રિયલ-ટાઇમ માહિતી જેવા ઉકેલોના ઉપયોગથી વાહનચાલકોને માર્ગ પરની પરિસ્થિતિ અનુસાર ઝડપી અને યોગ્ય નિર્ણય લેવામાં મદદ મળી શકે છે.ડાંગ જિલ્લામાં ITS આધારિત આ વ્યવસ્થાઓથી માર્ગ અકસ્માતોમાં ઘટાડો, ટ્રાફિક વ્યવસ્થાપનમાં સુધારો અને માર્ગ વપરાશકર્તાઓની એકંદર સલામતીમાં વધારો થવાની અપેક્ષા છે.સાથે જ ટેક્નોલોજી આધારિત માર્ગ વ્યવસ્થાપન ડાંગ જિલ્લામાં સ્માર્ટ અને સુરક્ષિત માર્ગ માળખાકીય સુવિધાઓના વિકાસ તરફ મહત્વપૂર્ણ પગલું બની શકે છે.ડાંગ વિસ્તારમાં ITSનું આ અમલીકરણ માત્ર અકસ્માત નિવારણ પૂરતુ સીમિત ન રહેતા, માર્ગ અકસ્માતોના કારણે થતી માનવ દુર્ઘટના, સામાજિક અને આર્થિક મુશ્કેલીઓને ઘટાડવા તથા સ્થાનિક નાગરિકો અને પ્રવાસીઓ માટે વધુ સુરક્ષિત માર્ગ વ્યવસ્થા ઊભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ તરીકે જોવામાં આવી રહ્યું છે.




# નાંધઈ કોઝવે પર પાણીના ધસમસતા પ્રવાહમાં બે વાહન તણાઇ ગયા

**કોઝવે** પાણીમાં ગરકાવ હોવા છતાં પોલીસ બંદોબસ્ત કે બેરિકેડ ન મૂકાતા તંત્ર સામે ગંભીર સવાલો ઉઠ્યા

**દોઢ** મહિનામાં આ જ સ્થળે ત્રણ વાહનો તણાઈ ચૂક્યા છે, કાર બહાર કઢાઈ પણ બાઈકનો હજુ પત્તો નથી



ખેરગામ : ખેરગામ તાલુકાના નાંધઈને જોડતા ગંગેશ્વર મહાદેવ મંદિર નજીકના કોઝવે પર ૧૩ સપ્ટેમ્બરની સાંજે એક પછી એક બે વાહનો પાણીના ધસમસતા પ્રવાહમાં તણાઈ ગયા હતા. સવારથી જ કોઝવે પાણીમાં ગરકાવ હોવા છતાં બંને છેડે પોલીસ બંદોબસ્ત કે બેરિકેડ ગોઠવવામાં આવ્યા ન હતા. સદનસીબે બંને ચાલકોએ સમયસૂચકતા વાપરી પાણીમાં તરીને પોતાનો જીવ બચાવી લીધો હતો.

પ્રથમ ઘટનામાં, મરલાથી પેલાડી ભૈરવી ઘરે આવી રહેલા ૬૮ વર્ષીય રતિલાલભાઈ જેરામભાઈ પટેલ પોતાની સ્પ્લેન્ડર બાઈક સાથે કોઝવે પર પાણીમાં તણાઈ ગયા હતા. તેઓ તરીને બહાર આવી ગયા હતા પરંતુ તેમની બાઈક નદીમાં ડૂબી ગઈ હતી. આ ઘટનાના આશરે એક કલાક બાદ, વલસાડ તાલુકાના વલંડી ગામના રવિન્દ્રભાઈ રાજેશભાઈ પટેલ પોતાની સ્વિફ્ટ કાર લઈને પરત ફરી રહ્યા હતા ત્યારે તેમની કાર પણ પાણીના પ્રવાહમાં ખેંચાઈ ગઈ હતી. તેમણે કારનો કાચ ખોલીને બહાર નીકળી તરીને પોતાનો જીવ બચાવ્યો હતો.

આ અગાઉ દોઢ મહિના પહેલાં પણ વિરવલના એક એક્ટિવા ચાલકનું વાહન આ જ સ્થળે તણાયું હતું. રવિન્દ્રભાઈએ ૧૧૨ પર ફોન કરી જાણ કરતાં પોલીસ અને સ્થાનિક આગેવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ મામલે પોલીસ અને તંત્રની લાપરવાહી સામે સ્થાનિક લોકો અને નેતાઓએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો અને અધૂરા રહેલા બ્રિજના કામ તેમજ રાત્રે અવર-જવર માટે ફલડ લાઈટની વ્યવસ્થા કરવાની માંગ કરી હતી. સોમવારે સવારે મિત્રોની મદદથી કારને નદીમાંથી બહાર કાઢવામાં આવી હતી, પરંતુ બાઈકનો હજુ સુધી કોઈ પતો લાગ્યો નથી.

## વાપીમાં નશામાં ધૂત કારચાલકે TRB જવાનની બાઈકને ટક્કર મારતા બે ઈજાગ્રસ્ત

વાપી : વાપીના દેસાઈવાડ સ્થિત સનડીવાઈસ સોસાયટીમાં રહેતા અને ટ્રાફિકમાં TRB જવાન તરીકે ફરજ બજાવતા હિતેશ પાલ ગણપતિ ઉત્સવ દરમિયાન ટ્રાફિક નિયંત્રણ માટે મિત્ર જિજ્ઞેશ પટેલ સાથે બાઈક પર નીકળ્યા હતા. તે દરમિયાન પૂરઝડપે આવી રહેલી કારે તેમની બાઈકને ટક્કર મારતા બંને પટકાતા TRB જવાન હિતેશ અને મિત્ર જિજ્ઞેશને ઈજાઓ થઈ હતી. જેમને વાપીની હોસ્પિટલ ખસેડ્યા હતા, જ્યારે ગંભીર રીતે ઘાયલ જિજ્ઞેશને વધુ સારવાર અર્થે સેલવાસની નમો હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. પોલીસ તપાસ દરમિયાન અકસ્માત સર્જનાર કારચાલક મણિલાલ ચૌધરી (રહે. લાકડમાળ, ધરમપુર) નશાની હાલતમાં હોવાનું માલૂમ પડ્યું હતું. આ મામલે TRB જવાન હિતેશ પાલની ફરિયાદના આધારે વાપી ટ્રાફિક પોલીસ સ્ટેશને નશામાં ધૂત કારચાલક વિરુદ્ધ કાયદેસરની ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીમાં વીડિયો કોન્ફરન્સ દ્વારા મુખ્યમંત્રી અને ભાજપ પ્રદેશ અધ્યક્ષનું માર્ગદર્શન



વાપી : વાપીમાં એક મહત્વપૂર્ણ વીડિયો કોન્ફરન્સ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ચ્યુઅલ બેઠકમાં વાપીથી નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ જોડાયા હતાં. વલસાડ જિલ્લા ભાજપના પ્રમુખ હેમંત કંસારા, જિલ્લા મહામંત્રી કમલેશ પટેલ, નિખિલ ચોકસી, વિપુલ ભોયા, ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતાં. ઉપરાંત, વાપી મનપાના મેયર દક્ષાબેન પટેલ, સેવા સંકલ્પ અભિયાનના જિલ્લા ઇન્ચાર્જ શિલ્પેશ દેસાઈ, હોદ્દેદારઓ, કોર્પોરેટરો તેમજ નાગરિકો આ વીડિયો કોન્ફરન્સમાં સહભાગી થયા હતાં. બેઠકમાં સેવા સંકલ્પ અભિયાનના અમલીકરણ, છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓના લાભો પહોંચાડવા અને કાર્યોને વધુ વેગવંત બનાવવા સંદર્ભે પ્રદેશ નેતૃત્વ દ્વારા જરૂરી દિશા-નિર્દેશો અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વલસાડના ગુંદલાવ હાઇવે પર આઇસર ટેમ્પો ખાડીમાં ખાબક્યો

વલસાડ : ગુંદલાવ નજીક નેશનલ હાઈવે-48 પર હરેક્રિષ્ના હોટલ પાસે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અહીંથી પસાર થઈ રહેલા એક આઇસર ટેમ્પોના ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા વાહન સીધું નજીકની ખાડીમાં ખાબક્યું હતું. ટેમ્પો ખાડીમાં પડવાના જોરદાર અવાજ સાથે સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ટેમ્પોની કેબિનમાં ફસાયેલા ચાલકને બહાર કાઢવા માટે સ્થાનિકોએ ભારે જહેમત ઉઠાવી હતી. કાદવ અને પાણીમાં ઉતરીને સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી ચાલકનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યું હતું, જેના કારણે તેનો જીવ બચી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને વહીવટી તંત્રનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ક્રેનની મદદથી ટેમ્પોને બહાર કાઢવાની કામગીરી હાથ ધરી હતી.

# પાવર ગ્રીડની લાઈનો વચ્ચે ખેડૂતોનો હકનો હિસાબ

**નવસારીમાં** ખેડૂતોના વળતરનો પ્રશ્ન રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરાશે

નવસારીઃ નવસારી જિલ્લામાં પાવર ગ્રીડની વીજ લાઈનોના કારણે અસરગ્રસ્ત ખેડૂતોના જમીન અને બાગાયતી વૃક્ષોના વળતરનો મુદ્દો હવે રાજ્ય સરકાર સમક્ષ પહોંચાડવાની તૈયારી થઈ રહી છે. સર્કિટ હાઉસ ખાતે મળેલી બેઠકમાં ખેડૂતો દ્વારા હાલની વળતર પ્રક્રિયા અંગે પ્રશ્નો ઉઠાવી તમામ અસરગ્રસ્ત ખેડૂતોને સમાન ધોરણે લાભ મળે તેવી માંગ કરવામાં આવી હતી. બેઠકમાં ધારાસભ્ય આર.સી. પટેલ અને રાકેશ દેસાઈ સહિતના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

ખેડૂત સમન્વય સમિતિના પ્રમુખ દિલીપ રાયકાના જણાવ્યા મુજબ જિલ્લામાં આશરે પાંચ પાવર ગ્રીડ લાઈનો પસાર થઈ રહી છે. ત્રણ લાઈનોનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બેનું કામ ચાલુ છે. 4 જુલાઈ, 2026ના પરિપત્ર મુજબ જમીનનું મૂલ્યાંકન MRC (માર્કેટ રેટ કમિટી) મારફતે કરવાની જોગવાઈના સંદર્ભમાં ખેડૂતો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. વેરમા અને પરથાણ ગામોમાં MRC કરાવવામાં આવી હોવાનું પણ જણાવાયું હતું.

ખેડૂત પરિમલ પટેલના જણાવ્યા મુજબ પ્રોજેક્ટથી જિલ્લાના આશરે 58 ગામો અસરગ્રસ્ત છે અને લગભગ 80 ટકા ખેડૂતોના ખેતરોમાં વીજ લાઈનનું કામ શરૂ થઈ ચૂક્યું છે. ખેડૂતોનો પ્રશ્ન છે કે અગાઉ પૂર્ણ થયેલી લાઈનોના અસરગ્રસ્ત ખેડૂતોને પણ નવી જોગવાઈનો લાભ મળે, જેથી વળતર અંગે અલગ-અલગ ધોરણની સ્થિતિ ન સર્જાય. નવસારી અને ગણદેવીના બાગાયતી વિસ્તારમાં આંબા અને ચીકુના વૃક્ષોને થતી અસરના વળતર અંગે પણ ખેડૂતો દ્વારા રજૂઆત કરવામાં આવી છે. જમીન સાથે વૃક્ષોના નુકસાનનું યોગ્ય મૂલ્યાંકન કરી વળતર ચૂકવવાની માંગ છે. સમગ્ર મુદ્દે ખેડૂતો હવે ધારાસભ્યો મારફતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરી વળતર માટે સરકારનું ધ્યાન દોરશે.